જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩/૬/૨૦૧૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૧૨૮/૧૫

## "જીવતા ૪૯ દેશીબોમ્બના જથ્થા સાથે એક ઇસમને પકડી પાડતી ક્રાઇમ બ્રાન્ચ"

ગઇ કાલ રાત્રે અમદાવાદ શહેર વિસ્તારમાં સબેબારાતના તહેવાર અનુંસંધાને પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ દ્વારા કોમ્બીગ નાઇટનુ આયોજન કરવામાં આવેલ અને કોમ્બીંગ નાઇટ દરમ્યાન કરવાની થતી કાર્યવાહીની રુપરેખા ક્રાઇમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નરશ્રી દિપેન ભદ્રન નાઓએ આપેલ જેઓની સુચના અને માર્ગદર્શન હેઠળ મદદનીસ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી નાઓના સુપરવિઝન હેઠળ જુદા જુદા અધિકારશ્રીઓની અલગ અલગ ટીમો પાડી અલગ અલગ વિસ્તારમાં નાઇટ રાઉન્ડમાં હતા દરમ્યાન પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એસ.એલ.ચોધરી નાઓએ તેઓની ટીમના પો.સ.ઇ શ્રી ડી.એસ.ગોહીલ તથા ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં કોમ્બીગનાઇટ પેટ્રોલીંગમાં હતાં.દરમ્યાન પો.કો.વિક્રમસિંહ જીલુજી નાઓને મળેલ ચોક્કસ અને આધારભુત બાતમી હકિક્ત મળેલ કે " એક ઇસમ જેણે શરીરે વાદળી જીન્સ પેન્ટ તથા સફેદ જેવો શર્ટ પહેરેલ છે જે રંગે શ્યામ વર્ણનો પાતળાબાંધાનો છે અને તેના હાથમાં પ્લાસ્ટીકની મીણીયા થેલીમાં કેટલાક દેશી હાથ બનાવટના જિવતા બોમ્બનો જથ્થો રાખી રહીમનગરથી આવી રુબી માર્બલ થઇ નારોલ તરફ જનાર છે જે મતલબની બાતમી હકીક્ત આધારે સદરી ઇસમની વોચ ગોઠવેલ પંચો અને સ્ટફ સાથે વોચમાં હતા દરમ્યાન થોડી વારે ઉપરોક્ત વર્ણનવાળો ઇસમ રહીમનગર તરફથી પગે ચાલતો આવતા જણાતા તેના ખભા ઉપર સફેદ થેલો લઇ આવતો જણાયેલ જેને નજીક આવવા દઇ કોર્ડન કરી વિશાલા સર્કલથી નારોલ સર્કલ તરફ જ્વાના રોડની ઉત્તરે રુબી માર્બલ સામે જાહેર રોડ ઉપર આવતા તેને રોકી લઇ તેનુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ મહમદઇરફાન ઉર્ફે બાલા s/o બાબુભાઇ શાફકીર ઉવ ૨૦ રહે. એ.૩૪ રહીમનગર કોઝી હોટલની પાછળ નારોલ અમદાવાદ શહેરનાને ચેક કરતા તેની પાસેથી દેશી હાથ બનાવટના પતરાના ડબ્બામાં સુતળીથી બાંધેલા જીવતા ૪૯ બોમ્બ મળી આવેલ જેથી સ્થળ ઉપર તાત્કાલીક કાર્યવાહી હાથ ધરી બોમ્બ ડીસ્પોઝલ ટીમ તથા એફ.એસ.એલની ટીમોને બોલાવી લઇ બી.ડી.ડી.એસ.ની મદદથી બોમ્બ ડિફ્યુઝ કરી એફ.એસ.એલ. ચકાસણી કરાવતા તેમાંથી લોખંડની ખિલીઓ છરા અને ફ્લેશ પાવડર મળી આવેલ જે બાબતે કાયેસરની કાર્યવાહી કરી અને આરોપીની વધુ પુછપરછ કરતા તેણે આ બોમ્બ અલ્તાફ ઉર્ફે સમીર રહે ઉત્તરપ્રદેશ નાએ આપેલાનુ જણાવેલ જેથી આ બાબતે કાયદેસર કાર્યવાહી કરી તેના વિરુધ્ધમાં ધી એક્સ્પ્લોઝીવ સબસ્ટન્સ એક્ટ કલમ ૪ (એ)(બી) મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે જેની વધુ તપાસ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એસ.એલ.ચૌધરી નાઓ કરી રહેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## રાયોટીંગ તેમજ ગેરકાયદેસર હથિયાર રાખવાના ગુનામાં વોન્ટેડ આરોપીને ૧ દેશી તમંચા તથા ૧ કાર્ટીજ સાથે ઝડપી લેતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમબ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસઓજી ક્રાઇમબ્રાંચ અમદાવાદ શહેર નાઓની સુચનાથી એસઓજી ના પોસઇ શ્રી એ.કે.વડીયા નાઓ તા.૦૧/૦૬/૨૦૧૫ ના રોજ પોતાના સ્કોડના માણસો સાથે શહેર વિસ્તાર માં પેટ્રોલીંગમાં હતા. જે દરમ્યાન જુહાપુરા રોયલ અકબર ટાવર આગળ આવતા બાતમી હકીકત મળેલ કે "એક ઇસમ નામે અજીમખાન ઉર્ફે આજમખાન સુલતાનખાન રહે, જમાલપુર અમદાવાદ શહેરનો કે જે ઇસમ ગાયકવાડ હવેલી પો.સ્ટેમાં રાયોટીંગના ગુનામાં તેમજ સરખેજ પોલીસ સ્ટેશન ના ગેરકાયદેસર હથિયાર ના ગુનાઓમાં વોન્ટેડ છે તે ઇસમ પોતાની પાસે ગેરકાયદેસર દેશી તમંચો રાખી લઇ અત્રે રોયલ અક્બર ટાવર જુહાપુરા અમદાવાદ ખાતે આવવાનો છે જેણે શરીરે જાંબલી કલરનો શર્ટ તથા ખાખી કલર જેવો પેન્ટ પહેરેલ છે" વિગેરે બાતમી હકીકત આધારે વોચમાં રહી મળી આવતા તેની પાસેથી ગે.કા. નો એક દેશી તમંચો તેમજ એક કાર્ટીસ મળી આવેલ જેથી તેના વિરુધ્ધમાં હથિયારધાર મુજબ કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરેલ છે તેમજ આ ઇસમ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના રાયોટીંગના એક ગુનામાં તેમજ સરખેજ પોલીસ સ્ટેશનના ગેરકાયદેસર હથિયાર રાખવાનાં એક ગુનામાં વોન્ટેડ છે. અને આ ઇસમ અગાઉ પણ અત્રે અમદાવાદ શહેર એસ.ઓ.જી. માં ગેરકાયદેસર હથિયાર રાખવાનાં ગુનામાં પકડાયેલ છે.

તેની વધુ પુછપરછ કરતા તે પોતે ગા.હવેલી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૯/૧૫ ઇપીકો કલમ ૧૪૩,૧૪૭,૧૪૮ વિગેરેના ગુન્હામાં નાસતો ફરે છે. તેવી કબુલાત કરેલ છે. જેથી તેના વિરુધ્ધ ધોરણસર કાર્યવાહી કરેલ છે.

## અમદાવાદ શહેરમાં સ્ત્રીઓના ગળામાંથી ચેઈન સ્નેચીંગ કરી અમદાવાદ શહેરમાં તરખાટ મચાવનાર યુવાન વયની ગેંગના બે સાગરીતો ની ધરપકડ કરતી અમદાવાદ શહેર એસ.ઓ.જી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેરમાં ચેઇન સ્નેચીંગ ના બનાવો બનતા અટકાવવા સારું તથા શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ નાઓના માર્ગદર્શન તથા સુચના મુજબ અમદાવાદ શહેરમાં બનેલ ગુના શોધી કાઢવા તેમજ બનતા ગુના અટકાવવા સારું પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી વી.એચ.જાડેજા તથા પોસઇ શ્રી સી.બી.ગામીત તથા પોસઇ શ્રી પી.બી.દેસાઇ નાઓ તથા સ્ટાફના કર્મચારીઓ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા. દરમ્યાન પેટ્રોલીગ ફરતા ફરતા નારોલ સર્કલ ખાતે આવતા સાથેના પો.કો. જીતેન્દ્રકુમાર ત્રિકમલાલ તથા પો.કો. કેતન રાજેન્દ્રકુમાર નાઓએ સંયુકત હકીકત આપેલ કે, " એક ઇસમ નામે જયંત ઉર્ફે દાદુ સોનવણે રહે, નરસિંહજી મંદિરના છાપરાં, ગોમતીપુર કે જેણે શરીરે સફેદ કાળી લાઇનીંગવાળુ શર્ટ તથા કાળા કલર જેવું પેન્ટ પહેરેલ છે તે પોતાના કબજામાં પોતે કરેલ લુંટનો મુદ્દામાલ રાખી લઇ અત્રે વખતે ચંડોળા તરફના રોડથી આવી નારોલ સર્કલ થઇ ઇસનપુર તરફ પગે ચાલતો જનાર છે. જેથી સ્કોડના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ મારફતે હકિકત વાળી જગ્યાએ વોચ ગોઠવી વોચમાં રહી આરોપી જયંત ઉર્ફે દાદુ સુરેન્દ્રભાઇ જાતે સોનવણે ઉવ.૨૩ ધંધોઃ નોકરી રહે, મોહનલાલની નવી ચાલીના છાપરાં, નરસિંહજી મંદિરની પાસે, ગોમતીપુર, અમદાવાદ શહેર નાને એક સોનાની ચેઇન સાથે પકડી પાડી સીઆરપીસી કલમ ૪૧ (૧) ડી મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. અને તેની વધું પુછપરછ કરતાં આ ચેઇન સ્નેચિંગના ગુના કરવામાં તેની સાથે તેનો મિત્ર અમર દશરથભાઇ જાતે રાવળ ઉવ.૧૯ ધંધોઃ અભ્યાસ રહે, ઘર નં.૧૫૫૮, નરસિંહજી મંદિરના છાપરાં, ચોકસીની ચાલી ની નજીક, નગરી મીલ પાછળ, ગોમતીપુર, અમદાવાદ શહેર નાનો હોવાનું અને તેઓ બંન્ને એ મળી



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

અમદાવાદ શહેર વિસ્તારમાં ઘણી બધી ચેઇનો તોડેલ હોવાનું જણાવેલ. જેથી આરોપી અમર દશરથભાઇ રાવળ નાનો પણ મળી આવતા જેને વિશ્વાસમા લઇ યુક્તિ પ્રયુકતિથી પુછપરછ કરતાં આરોપીઓ ઘણી બધી ચેઇનો અમદાવાદ શહેરના અલગ અલગ વિસ્તારો માં આવેલ મોલ, શોપીંગ સેન્ટર, શાક માર્કેટ, સ્કુલે બાળકોને લેવા મુકવા જતી સ્ત્રીઓ, મોર્નીંગ વોક ઉપર જતી સ્ત્રીઓ, લગ્ન પ્રસંગે પાર્ટી પ્લોટ ની બહાર નીકળતી સ્ત્રીઓ, ટું-વ્હીલર વાહન ઉપર જતી સ્ત્રીઓ, મો.સા.ઉપર પાછળ બેસેલ સ્ત્રીઓના ગળામાં પહેરેલ સોનાની ચેઈનો તથા કંઠી, મંગળસુત્ર જેવા કિંમતી દાગીનાઓ ની લુંટ કરેલ હોવાનું અને લુંટ માંથી મળેલ સોનાની ચેઈનો પૈકીની તેઓ પાસે મળી આવેલ ચેઈનો હોવાનું જણાવે છે. જેથી આરોપીઓ પાસેથી મળી આવેલ સોનાના દોરા નંગ ૧૧ કિંમત રૂ.૩,૦૫,૭૦૦/- તથા કાળા કલરનું પલ્સર મોટરસાઇકલ જેની કિ.રૂ. ૫૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૩,૫૫,૭૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી બંન્ને આરોપીઓ વિરુધ્ધ કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આરોપીઓની વધું પુછપરછ કરતા અમર રાવળ નાને જુગાર રમવાની તેમજ અન્ય મોજશોખની આદત પડી ગયેલ હોય, અને મોજશોખ પાછળ દેવું થયેલ હોવાના કારણે અમરના પલ્સર મોટરસાઇકલ નો ઉપયોગ કરી બંન્ને આરોપીઓ લુંટને અંજામ આપતા હતા.

આ બંન્ને આરોપીઓએ છેલ્લા એક વર્ષથી અમદાવાદ શહેરમાં સક્રિય છે. આરોપીઓની પુછપરછ માં આરોપીઓએ અમદાવાદ શહેરમાં અંદાજે ૩૦ જેટલા ચેઇન સ્નેચીંગના ગુન્હા આચરેલ હોવાની કબુલાત આપેલ છે. જે ગુન્હાઓનો ભેદ ઉકેલી કાઢેલ છે. હાલ આરોપીઓની સઘન પુછપરછ ચાલુંમાં છે અને આરોપીઓની પુછપરછ માં અમદાવાદ શહેરના બીજા ઘણા બધા લુંટના ગુન્હાઓનો ભેદ ઉકેલાય તેવી શક્યતા છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)